ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

દહેગામ-ગાંધીનગર ક્રોસીંગ પર ઓવરબ્રીજ બંધાશે

દહેગામ તાલુકા પંચાયતને સ્વભંડોળની વૃધ્ધિ માટે તંત્રને તીખી ટકોર કરતા પ્રભારી મંત્રી : દબાણો દૂર કરવા અગ્રતા આપો : ૧૮ પેટા-પરાઓને માર્ગથી જોડવા ૧૭ કરોડની દરખાસ્ત : એ.ટી.વી.ટી.નું આયોજન રજુ કરવા પ્રાંત અધિકારીને તાકીદ કરતા નિતીન પટેલ

આ લોકસંવાદમાં સૌથી વધુ પ્રશ્નો તાલુકા પંચાયતને લગતા હતા

ગાંધીનગર, તા. ૮

આજે લોકસંવાદ સેતુ કાર્યક્રમમાં દહેગામ તાલુકાના ૫૨ પ્રશ્નો રજુ થયા હતા. જે પૈકી ૧૮ પ્રશ્નકર્તાઓ ગેરહાજર રહ્યા હતા.

આજે ૨૪ વિભાગોને લગતા આ પ્રશ્નોમાં સૌથી વધુ પ્રશ્નો તાલુકા પંચાયતને લગતા હતા. જેની સંખ્યા ૧૨ હતી. નગરપાલિકાને લગતા ૭ પ્રશ્નો રજુ થયા હતા જ્યારે બાંધકામ વિભાગ અને આરોગ્યને લગતા પાંચ-પાંચ પ્રશ્નો અને શિક્ષણ વિભાગને લગતા ૩ પ્રશ્નો રજુ થયા હતા. કાંસ વિભાગને લગતા પણ પાંચ પ્રશ્નો રજુ થયા હતા.

સવારે ૧૦ વાગે શરૂ થયેલો આ કાર્યક્રમ બે કલાક ચાલ્યો હતો. આજના આ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર અને પ્રભારી સચિવ હાજર રહી શક્યા ન હતા. જો કે જિલ્લાના અન્ય અધિકારીઓ હાજર રહ્યા હતા.

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર દહેગામ માર્ગ પર આવેલ રેલવે ક્રોસીંગ પર ઓવરબ્રીજ બાંધવામાં આવશે. આ અંગેનું કામ ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપનીને સોંપવામાં આવ્યું છે અને તેણે ટ્રાફિકના સર્વેલન્સની પ્રાથમિક કવાયત હાથ ધરી છે.

આજે દહેગામ ખાતે યોજાયેલ લોકસંવાદ સેતુ દરમિયાન રાજ્યના આરોગ્ય અને માર્ગ-મકાન વિભાગ મંત્રી શ્રી નીતિન પટેલની ઉપસ્થિતિમાં દહેગામના ચીફ ઓફિસરે જણાવ્યું હતું.

આ માર્ગ પર ભારે ટ્રાફિક રહેતો હોવાથી તેમજ અમદાવાદ હિંમતનગરને જોડતી રેલવે લાઈન પરના ટ્રાફિકને લઈ અહિ ઓવરબ્રીજ બનાવવાની તાતી જરૂરિયાત હોવાની રજુઆત કરવામાં આવી હતી. મંત્રીશ્રીએ આ રજુઆત પછી ચીફ ઓફિસરને ગ્રાન્ટની ફાળણી કરાઈ છે કેટલો અંદાજિત ખર્ચ થશે જેવા પ્રશ્નો પુછતાં ચીફ ઓફિસરે ઉપરોક્ત સ્પષ્ટતાઓ આપી હતી.

મંત્રીશ્રીએ આ મુદ્દે દિવસમાં કેટલીવાર ટ્રેઈન આવે છે, ટ્રાફિકનું ભારણ કેવા પ્રકારનું છે વિગેરે પ્રશ્નો રજુઆત કર્તાઓને પણ કર્યા હતા. આ બ્રીજ બાંધવા માટે અંદાજિત રૂ. ૧૦ કરોડ જેટલો ખર્ચ થશે. જેમાં સરકાર નગરપાલિકા અને રેલવે દ્વારા હિસ્સો આપવામાં આવશે.

મંત્રીશ્રીએ આજે લોકોના પ્રશ્નોના ઉકેલ માટે વહીવટીય પરિભાષા સિવાય પ્રેક્ટીકલ રસ્તાઓ પણ અપનાવવા માટે તંત્રના અધિકારીઓને તાકીદ કરી હતી.

દહેગામના પેટા પરાઓને માર્ગની સુવિધાથી સાંકળવાના મુદ્દે તેમણે પ્રાંત અધિકારીને એ.ટી.વી.ટી.ના આયોજનની વિગતો રજુ કરવા આદેશ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે એ.ટી.વી.ટી. અંતર્ગત

● અનુસંધાન પાન-૭ પર

તંત્રના ઓરમાયા વર્તનથી શિયાવાડાના મુલાકાતીઓની ઉગ્ર રજુઆત

દહેગામ, તા. ૮

દહેગામ ખાતે આજે યોજાયેલા લોકસંવાદ સેતુ કાર્યક્રમમાં શિયાવાડાના ગ્રામજનોએ તેમની સાથે અન્યાય થયો હોવાનું જણાવી તંત્રએ તેમના પ્રશ્નને રજુ ન થવા દીધો હોવાના આક્ષેપ સાથેનું આવેદન પત્ર મંત્રી શ્રી નીતિન પટેલને આપ્યું હતું.

આ ગ્રામજનો પાઈપલાઈન સહિતના વિકાસના મુદ્દાઓમાં થતા અન્યાયને લઈ રજુઆત કરવા આવ્યા હતા. વરસાદી પાણીના નિકાલનો મુદ્દો હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

જો કે આવેદન-પત્ર અપાઈ ગયા બાદ પોલીસ તેમને સમજાવટથી હોલની બહાર લઈ ગઈ હતી. જો કે આ ગ્રામજનોએ ઉપસ્થિત રાજકીય આગેવાનોને પણ આ મુદ્દે તેમની વાત સાંભળવામાં આવે તેવી રજુઆતો કરી હતી.

ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં મલ્ટી પરપઝ હેલ્થ વર્કરોની દ્વિદિવસીય તાલિમનો આજથી પ્રારંભ થયો છે. આ તાલિમમાં પંચાયત પ્રમુખ હીનાબેન પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિક્ટર મેકવાને પણ હાજરી આપી હતી.
- ગાંધીનગર શહેરમાં આજે આખો દિવસ હળવા વરસાદથી શહેરીજનો સતત ભીંજાયા હતા.
- ગાંધીનગર શહેરમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી તથા ચીનના રાષ્ટ્રપતિની મુલાકાતને લઈ સમગ્ર તંત્ર તડામાર તૈયારીમાં વ્યસ્ત બન્યું છે.
- ઉત્તર ગુજરાતના સૌથી મોટા બંધ ધરોઈની જળ સપાટી ૬૦૪ ફૂટે પહોંચી છે.

શ્રીનગરમાં સેક્ટર-૭ નો બેંકર પરિવાર અટવાયો

જમ્મુ કંટ્રોલમાં પણ જાણ કરાઈ : એક સપ્તાહ પહેલાં પરિવાર કાશ્મીર જવા રવાના થયો હતો અને ગઈકાલે પરત ફરવાનો હતો

ગાંધીનગર, તા. ૮

શ્રીનગરમાં થયેલ અતિ વર્ષાને કારણે ગાંધીનગર સે. ૭-ડીનો એક બેંકર પરિવાર પણ ત્યાં અટવાઈ જવા પામ્યો છે. જેને લઈ તંત્ર સહિત પરિવારના સૌ સ્નેહીજનો તેમની સાથેનો સંપર્ક સ્થાપવાના પ્રયાસોમાં વ્યસ્ત બન્યા છે.

ગાંધીનગર સે. ૭-ડી માં પ્લોટ નં. ૧૩૧૩/૧ માં રહેતા શ્રી પ્રકાશભાઈ ભાવસારનો પરિવાર ગયા સપ્તાહે જ કાશ્મીરની સહેલગાહે જવા રવાના થયો હતો. ત્યારે પૃથ્વી પરના સ્વર્ગ ગણાતા કાશ્મીરમાં શરૂ થયેલ અવિરત વરસાદમાં શ્રીનગર પહોંચેલો આ પરિવાર શ્રીનગરમાં અટવાઈ જવા પામ્યો છે. પરિવારના નિકટવર્તી સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે ગઈકાલે તેમની સાથે સંપર્ક થયો હતો પરંતુ આ પછી તેમનો કોઈ જ સંપર્ક થઈ શક્યો નથી.

આજે પરિવારના કેટલાક સ્વજનોએ તેમના સંપર્ક માટે રાજ્ય અને જિલ્લાના વહીવટીતંત્ર સમક્ષ રજુઆત કરી હતી. સાંજે તંત્રના અધિકારીઓએ મોબાઈલ ટ્રેકરની મદદથી આ પરિવાર ક્યાં છે તે જાણવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ છેલ્લે તા. ૬ના રોજ આ પરિવારનો મોબાઈલ ટ્રેસ થયો હતો. હાલ ત્યાં મોબાઈલ સેવાઓ ઠપ્પ થઈ ગઈ હોવાથી આગળનું કોઈ ટ્રેકીંગ થઈ શક્યું ન હોવાનું જાણવા મળેલ છે.

શ્રી પ્રકાશભાઈ ભાવસાર સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયામાં બ્રાન્ચ મેનેજર તરીકે ખેડા જિલ્લામાં ફરજો બજાવે છે તો તેમના પત્ની વર્ષાબેન દેનાબેંક ગાંધીનગરમાં ફરજો બજાવે છે. તેઓ તેમના બે સંતાનો જેનીસ અને અર્પિત સાથે કાશ્મીરના પ્રવાસે ગયા છે.

આજે આખો દિવસ વર્ષાબેનના ભાઈ મનીષભાઈ જેઓ જિલ્લા પંચાયતમાં ફરજો બજાવે છે તેમણે સંપર્ક માટે તમામ સ્તરો પર રજૂઆત કરી છે. બધા જ પ્રયાસો પછી પણ આજ સાંજ સુધી આ પરિવારનો કોઈ સંપર્ક થઈ શક્યો ન હોવાનું જાણવા મળેલ છે.

બેંકર પરિવારના સ્વજનો સતત ચિંતાતુર છે. આ પરિવારના સૂત્રોએ જણાવ્યુંહતું કે પરિવાર રવિવારે હવાઈ માર્ગે ગાંધીનગર પરત આવી જવાનો હતો.

ગાંધીનગર શહેરમાં જેમ જેમ આ સમાચારો પ્રસરતા થયા તેમ તેમ લોકોમાં ચિંતાનું મોજુ પ્રસરી રહ્યું છે.

કંટ્રોલરૂમના સત્તાવાળાઓએ આ મુદ્દે જમ્મુ કંટ્રોલરૂમ તેમજ જમ્મુ-કાશ્મીર સરકારનું પણ ધ્યાન દોર્યું છે. તેમનો સંપર્ક કરવાના બધા જ પ્રયાસો ચાલુ હોવાનું રિલીફ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

લીલુ છમ્મ ગાંધીનગર - મેઘારાજાની મહેરની સીધી અસર ગાંધીનગરમાં દેખાય છે... પ્રકૃતિના વૈભવ વચ્ચે ઉછરતા ગાંધીનગરે મેઘરાજાની મહેરને પ્રાપ્ત કરતાં ગાંધીનગર હરિયાળું બની ગયું છે... ગાંધીનગરના મધ્યમાં કેવી મસ્ત હરિયાળી લહેરાય છે... આમ જ મજા છે વર્ષાઋતુની... અને આ જ મજા છે પ્રકૃતિના વૈભવની.... (તસવીર : દિપક જાની)

સે-૭માં આઠ બ્લોકનો ઉપરનો માળ તોડાશે

ગાંધીનગર, તા.૮

સે-૭માં 'ચ' પ્રકારના વિવિધ ૮ બ્લોકનો ઉપરનો માળ ઉતારી લેવાશે. બ્લોકની સલામતીને અનુલક્ષી આ નિર્ણય લેવામાં આવ્યો છે. જયારે બે મજલાના આ બ્લોકમાંથી ઉપરનો માળ ઉતારી લેવાયા બાદ આખા બ્લોકનું રીનોવેશન પણ હાથ ધરાશે.

શહેરમાં સ્થિત સરકારી આવાસોના મજબૂતીકરણનું તબક્કાવાર કામ હાથ ધરવામાં આવી રહ્યું છે. એક બાજુ નિકાલ હેઠળના મકાનો તોડી પાડવાનો નિર્ણય લેવાયા બાદ આ મકાનો તોડયા પછી આયોજન હાથ ધરાયુ છે. શહેરમાં સ્થિત ૧૬ હજાર જેટલા સરકારી મકાનો પૈકી ઘણાખરા મકાનો જોખમી હાલતમાં છે. દાયકાઓના અંતે મજબૂતીકરણનું કામ હાથ ધરી આવાસોને મરણપથારીએથી બેઠા કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. સેકટરોમાં સ્થિત વિવિધ કક્ષાના આવાસો અંગે અગાઉ તંત્ર દ્વારા સલામતીની દૃષ્ટિને ધ્યાને લઈ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. જેના અંતે સેકટરોમાં ગ્રાઉન્ડ પ્લસ બે માળના કેટલાક બ્લોક ભાવિ સંજોગોમાં ભયજનક પુરવાર થાય તેવી શકયતાઓ ધ્યાને આવી હતી. વિભાગના તજજ્ઞો દ્વારા આ મામલે સલામતીને ધ્યાને લઈ અમુક સરકારી બ્લોકનો ઉપરનો માળ ઉતારી લેવાનો અભિપ્રાય આપવામાં આવ્યો હતો. જેને અનુલક્ષી તંત્ર દ્વારા સે-૭માં ચ પ્રકારના વિવિધ ૮ બ્લોક અને જ પ્રકારના એક બ્લોકનો ઉપરનો માળ ઉતારી લેવા નિર્ણય લેવાયો છે. આ અન્વયે ટેન્ડરપ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી છે. આ કામગીરી પાછળ રૂ. ૨.૩૬ કરોડનો ખર્ચ થશે. આ તમામ બ્લોકનું રીનોવેશન પણ કરવામાં આવશે.

આર.ટી.ઓ.માં ફોર વ્હીલર માટે ટૂંકમાં જીજે-૧૮ બી.ડી.ની સીરીઝ

નવી સીરીઝ માટે ૧૦ ઓકટોબરે પસંદગીના નંબરોની હરાજી

ગાંધીનગર, તા.૮

આર.ટી.ઓ. કચેરી દ્વારા ફોર વ્હીલરના નંબરો માટે નવી સીરીઝ જી.જે. ૧૮ બી.ડી. ટૂંકમાં શરુ કરવામાં આવશે. પસંદગીના નંબરો માટે આગામી તા. ૧૦ ઓકટોબરના રોજ હરાજીની પ્રક્રીયા યોજવામાં આવશે.

આર.ટી.ઓ. કચેરીમાં ફોર વ્હીલરના નંબરો માટે હાલ જી.જે. ૧૮ બી.સી.ની સીરીઝ ટૂંકમાં પુરી થશે. જયારે આગામી તા. ૧૦ ઓકટોબરથી નવી સીરીઝ જી.જે. ૧૮ બી.ડી. શરુ થશે.

નવી સીરીઝ અન્વયે પસંદગીનો નંબર મેળવવા ઈચ્છતા વાહનમાલિકોએ તા. ૭ થી ૯ ઓકટોબર સુધીમાં આર.ટી.ઓ. કચેરીમાં પોતાની અરજી કરી દેવા જણાવાયું છે. જયારે પસંદગીના નંબરોને અનુલક્ષી તા. ૧૦ ઓકટોબરના રોજ બપોરે ૧૨ કલાકે આર.ટી.ઓ. કચેરીમાં હરાજીની પ્રક્રીયા યોજવામાં આવશે. નંબર ફાળવણીની યાદી તા. ૧૩ ઓકટોબરના રોજ આર.ટી.ઓ. કચેરીના નોટીસ બોર્ડ પર મુકવામાં આવશે નવી સીરીઝ અન્વયે પસંદગીના નંબરો માટે હાથ ધરાનારી હરાજીની પ્રક્રીયા ને લઈ કોઈ કર્મચારી કે અધિકારીની ફરજમાં રુકાવટ કરવામાં આવશે તો તે વ્યકિત સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ પણ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ જણાવ્યું છે.

ડી.એ.આઈ.આઈ.સી.ટી. સંસ્થામાં વિદ્યાર્થીએ ગળે ફાંસો ખાધો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર નજીક ડી.એ.આઈ.આઈ.સી.ટી. સંસ્થામાં પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ સંસ્થાની હોસ્ટેલમાં જ અગમ્ય કારણોસર ગળે ફાંસો લગાવી આત્મહત્યા કરી લેતા સંકુલમાં ચકચાર મચી જવા પામી હતી. આ મામલે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર ઈન્ફોસીટી વિસ્તારમાં ડી.એ.આઈ.આઈ.સી.ટી. નામની સંસ્થા આવેલી છે જયાં મૂળ નડિયાદનો વતની આશુ દિલીપભાઈ પટેલ નામનો વિદ્યાર્થી કોલેજના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતો હતો અને ત્યાં જ સંસ્થાની હોસ્ટેલમાં રહેતો હતો. દરમિયાન ગતરોજ બપોરના સમયે આશુ એ હોસ્ટેલમાં પોતાના રૂમમાં અગમ્ય કારણોસર સિલીંગ પંખે દોરી બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ બનાવ સંદર્ભે હોસ્ટેલમાં જાણ થતા ચકચાર મચી જવા પામી હતી. આ મામલે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જેની તપાસ લક્ષ્મણભાઈ ચલાવી રહ્યા છે.

ભુવનેશ્વર યુવક મંડળે 'શ્રીજી'ની મૂર્તિ વૃધ્ધાશ્રમને ભેટમાં આપી

અંતિમધામમાં મૂર્તિ પ્રસ્થાપિત કરવા કોર્પોરેશને મંજુરી ન આપી

ગાંધીનગર, તા.૮

શહેરમાં ગણેશોત્સવની ઉજવણી દરમિયાન ભાવિકોમાં અનોખો ઉત્સાહ જોવા મળ્યો હતો જયારે આજે ગણેશ વિસર્જનની વિધિમાં પણ ભાવિકો વરસતા વરસાદમાં જોડાયા હતા. સે-૬ ભુવનેશ્વર યુવક મંડળ દ્વારા શ્રીજીની મૂર્તિ કૈલાસધામ વૃધ્ધાશ્રમને ભેટ સ્વરૂપે અર્પણ કરી સમગ્ર

(તસવીર : કશ્યપ નિમાવત)

ઉજવણીને ઉદાહરણરૂપ બનાવી દીધી છે. ભુવનેશ્વર યુવક મંડળ દ્વારા આજે બપોરે વાજતે ગાજતે ગણેશજીની ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવી હતી. ત્યારબાદ કૈલાસધામ વૃધ્ધાશ્રમ ખાતે શ્રીજીની મૂર્તિનું પૂજાવિધિ સાથે સ્થાપન કરવામાં આવ્યું હતું. જો કે પ્રાથમિક તબક્કે શ્રીજીની મૂર્તિ અંતિમધામમાં પ્રસ્થાપિત કરવાની ઈચ્છા દર્શાવાઈ હતી પરંતુ કોર્પોરેશને જડ વલણ દાખવી આ મામલે અસંમતિ દર્શાવી હતી.

શહેરમાં છેલ્લા ૧૦ દિવસથી ગણેશોત્સવની ઉજવણીનો રંગ જામ્યો

● અનુસંધાન પાન-૭ પર

સ્વર્ણિમ પાર્કની જાળવણીનો કોન્ટ્રાકટ ખાનગી એજન્સીને સોંપાશે

ત્રણ વર્ષના આ કોન્ટ્રાકટ પાછળ ૨.૫૦ કરોડ ખર્ચાશે : સફાઈ સહીત જાળવણીનું કામ અનુભવી એજન્સીને અપાશે

ગાંધીનગર, તા.૮

શહેરના મધ્ય વિસ્તારમાં આકાર લેતા સ્વર્ણિમ પાર્કની જાળવણી માટે ટૂંકમાં ખાનગી એજન્સીને કામ સોંપવામાં આવશે. રૂ. ૨.૫૦ કરોડના ખર્ચે ૩ વર્ષ માટે એજન્સીને સ્વર્ણિમ પાર્કની જાળવણીનો કોન્ટ્રાકટ અપાશે. આ અન્વયે તંત્ર દ્વારા ટેન્ડર પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગરની આગવી ઓળખ સમા સ્વર્ણિમ પાર્કનું હાલ બીજા તબક્કાનું કામ પ્રગતિ હેઠળ છે જયારે પ્રથમ તબક્કામાં ચ-૪ થી ઘ-૪ વચ્ચેના રૂટમાં માર્ગ, ફૂટપાથ, ઉદ્યાન, ફૂડકોર્ટ, લેન્ડ સ્કેપીંગ અને લાઈટીંગ સહીતના વિવિધ આકર્ષણનો ઉભા કરવામાં આવ્યા છે. ઘ-૪ થી ચ-૪ વચ્ચેના ભાગમાં પણ વિવિધ પ્રકારના પ્લાઝા, વોટરબોડી, ફાઉન્ટેઈન, પ્લાન્ટેશન તેમજ ઉદ્યાનનું નિર્માણ કરવામાં આવનાર છે. સ્વર્ણિમ પાર્કને અનુલક્ષી કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ કરવામાં આવ્યો છે. આવા સંજોગોમાં પાર્કની જાળવણીનો પ્રશ્ન પણ મુખ્ય બની રહેશે. આ ઉપરાંત સ્વર્ણિમ પાર્કની સલામતી માટે યોગ્ય સિકયુરીટી વ્યવસ્થા ગોઠવાય તે પણ અનિવાર્ય છે. હાલ બીજા તબક્કાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે ત્યારે આ કામ આગામી વાઈબ્રન્ટ સમિટ પૂર્વે પૂર્ણ કરી દેવાનું પણ આયોજન છે જયારે સ્વર્ણિમ પાર્કની સફાઈ, સલામતી અને જાળવણીના મામલે તંત્ર દ્વારા ખાનગી એજન્સીને કામ સોંપવાનો નિર્ણય લેવાયો છે. જેમાં લેન્ડસ્કેપીંગ સહીત પાર્કની જાળવણી માટે આ પ્રકારનો અનુભવ ધરાવતી એજન્સીને કામ સોંપતા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવ છે. જેની પાછળ ત્રણ વર્ષના કોન્ટ્રાકટ માટે રૂ. ૨.૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

છઠ્ઠી માસિક પૂણ્યતિથિએ
શ્રધ્ધાંજલિ

અ.સૌ.જશોદાબેન બી. સુથાર
દેહ વિલય :- ફાગણ સુદ પુનમ

સુના ગમ જુદાઈ કા
ઉઠાતે હૈ લોગ
જાને જીન્દગી કૈસે
બિતાતે હૈ લોગ
દિન ભી યહાં તો લગે
વરસ કે સમાન
હમે તુમસે પ્યાર કિતના
યે હમ નહિ જાનતે
મગર જી નહિ સકતે
તુમ્હારે બિના.

બાબુલાલ જે. સુથાર

નામ બદલેલ છે

મારું જુનું નામ હરપીતકૌર સગુ પુત્રી રાજેન્દ્રસીંગ સગુ હતું તે બદલીને માનસી મીન પત્ની ભુષણકુમાર મીન રાખેલ છે.

લી.
માનસી મીન પત્ની ભુષણકુમાર મીન
૮૦૪/ડી, સ્વાગત રેઈન ફોરેસ્ટ-૧,
કુડાસણ, તા.જી. ગાંધીનગર

LED, LCD & Colour TV
રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬,
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઘ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
BENELAVE BATH FITTINGS
R.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com